# સર્વ વિધાલય કેળવણી મંડળ, કડી.

## સંચાલિત

# પ્રમુખ સ્વામી સાયન્સ એન્ડ એચ.ડી.પટેલ આર્ટ્સ કોલેજ,કડી.

## લેબ આસિસ્ટન્ટની પરીક્ષા માટેની સૂચનાઓ

- પરીક્ષા તારીખ:- ૧૨/૦૯/૨૦૨૪ (બાર સપ્ટેમ્બર બે હજાર ચોવીસ)
- પરીક્ષાનો સમય:- ૧૧:૦૦ થી ૦૨:૦૦
- પરીક્ષા સ્થળ:- સર્વ વિધાલય કેળવણી મંડળ સંચાલિત પ્રમુખ સ્વામી સાયન્સ એન્ડ એચ.ડી.પટેલ આર્ટ્સ કોલેજ,કડી રેલ્વે સ્ટેશન ની બાજુમાં કડી,
- શૈક્ષણિક લાયકાત;- રસાયણશાસ્ત્ર અથવા ભૌતિકશાસ્ત્ર વિષયમાં સ્નાતક રહેશે.
- ઉમેદવારની ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ:- ૧૩/૦૭/૨૦૨૪ ના દિવસે ૩૫ વર્ષથી વધારે ના હોવી જોઈએ.
- MCQ – OMR પદ્ધતિથી સ્પર્ધાત્મક કસોટી ની પરીક્ષા રાખવામાં આવેલી છે
- પરીક્ષા PART – A અને PART – B એમ બે ભાગમાં લેવામાં આવશે અને સમય મર્યાદા ત્રણ કલાક એટલે ૧૮૦ મિનીટ રહેશે.
- PART – A અને PART –B એમ બે પોર્ટમાં ઓછામાં ઓછા ૪૦ ટકા ગુણ મેળવતા, ઉમેદવારોની PART – A અને PART – B માં મેળવેલ કુલ ગુણના આધારે મેરીટ નક્કી કરવામાં આવશે.
- સામાન્ય વહીવટી વિભાગની સૂચના(ઠરાવ ક્રમાંક:ભરત/૧૦૨૦૨૩/૬૩૭૯૩૭/ક તા.૦૮/૧૧/૨૦૨૩ અનુસાર પરીક્ષા પદ્ધતિ નક્કી કરવામાં આવી છે.(નકલ સામેલ છે.)

તાંત્રિક તેમજ બિનતાંત્રિક [ખાસ વિષય/વિષયો (Subject Specific) શૈક્ષણિક લાયકાત તરીકે જરૂરી હોય તેવા], વર્ગ-૩ ના સંવર્ગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે જે સંવર્ગોના પરીક્ષા નિયમો નક્કી થયા ન હોય તેવા સંવર્ગોની પરીક્ષા પદ્ધતિ નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક:ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૦૮/૧૧/૨૦૨૩

વંચાણે લીધા :

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા:૨૯-૯-૨૦૧૫નો પત્ર ક્રમાંક:ભરત/૧૦૨૦૧૪/૬૩૮૯૩૭/ક
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા:૧૭-૫-૨૦૧૬નો પત્ર ક્રમાંક:ભરત/૧૦૨૦૧૪/૬૩૮૯૩૭/ક
(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા:૨૧-૧૦-૨૦૧૬નો પત્ર ક્રમાંક:ભરત/૧૦૨૦૧૪/૬૩૮૯૩૭/ક
(૪) સામાન્ય વહીવટ વિભાગનો તા:૨૭-૦૬-૨૦૨૩નો પત્ર ક્રમાંક:ભરત/૧૦૨૦૧૪/૬૩૮૯૩૭/ક

પ્રસ્તાવના :

ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ-૧ ના પત્રથી તાંત્રિક / બિનતાંત્રિક વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે જે સંવર્ગોના ભરતી નિયમો સાથે પરીક્ષા પદ્ધતિના નિયમો નક્કી થયા નથી તેવા સંવર્ગોની પરીક્ષા પધ્ધિત નિયત કરવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમ-૨ ના પત્રથી ઉકત પરીક્ષા પધ્ધતિમાં સૂચવેલ અભ્યાસક્રમમાં સુધારો કરવામાં આવેલ હતો અને વંચાણે લીધેલ ક્રમ-૩ ના પત્રથી "કોમ્પયુટર પ્રોફીસીયન્સી ટેસ્ટ "નો અભ્યાસક્રમ નિયત કરવામાં આવેલ હતો. હવે વંચાણે લીધેલ ક્રમ-૪ પરના પત્રથી હાલમાં લેવાનાર કેટલાક તાંત્રિક સંવર્ગોની ભરતીમાં બીજા તબકકાની "કોમ્પયુટર પ્રોફીસીયન્સી ટેસ્ટ " રદ કરવામાં આવેલ છે.

વધુમાં, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ધ્વારા સમગ્ર ભરતી પ્રક્રિયા ઝડપી બને અને સમયબધ્ધ કાર્યક્રમને અનુલક્ષીને ભરતી લક્ષ્યાંકો પૂર્ણ થઇ શકે તેમજ પસંદગીનું ઊંચું ધોરણ જાળવીને યોગ્ય ઉમેદવારોની સરળ રીતે પસંદગી થઇ શકે તે હેતુથી પ્રવર્તમાન પરીક્ષા પધ્ધતિમાં ફેરફાર કરવાની અને પરીક્ષા પધ્ધતિનાં બીજા તબક્કાની કોમ્પયુટર પ્રોફીસીયન્સી ટેસ્ટ રદ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ધ્વારા કરવામાં આવતી ભરતી માટે નીચે મુજબની પરીક્ષા પધ્ધતિ અનુસરવાનું આથી ઠરાવવામાં આવે છે.

ઠરાવ:

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ધ્વારા વર્ગ-૩ ના તાંત્રિક તથા બિન-તાંત્રિક સંવર્ગોની [ખાસ વિષય/વિષયો (Subject Specific) શૈક્ષણિક લાયકાત તરીકે જરૂરી હોય તેવા] જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે જે સંવર્ગોના ભરતી નિયમો સાથે પરીક્ષા નિયમો નક્કી થયા નથી તેવા તમામ સંવર્ગોની પરીક્ષા પદ્ધતિ નીચે મુજબ રહેશે.

તાંત્રિક સંવર્ગો તથા બિન-તાંત્રિક [ ખાસ વિષય/વિષયો (Subject Specific) શૈક્ષણિક લાયકાત તરીકે જરૂરી હોય તેવા] સંવર્ગો માટે

શૈક્ષણિક લાયકાત: (૧) આઇ.ટી.આઇ. /ડીપ્લોમા/ ધોરણ ૧૦ કે ૧૨ પછીનો ટેકનીકલ સર્ટીફીકેટ કોર્સ

(૨) સ્નાતક

પરીક્ષા: Part-A અને Part-B એમ બે ભાગમાં લેવામાં આવશે. (પ્રશ્નપત્રનું લેવલ શૈક્ષણિક લાયકાતને સમકક્ષ રહેશે)

Part-A :

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | તાર્કિક કસોટીઓ તથા Data Interpretation | 30 |
| ૨. | ગાણિતિક કસોટીઓ | 30 |
| | કુલ ગુણ | ૬0 |

Part-B:

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | બંધારણ, વર્તમાન પ્રવાહો, અંગ્રેજી અને ગુજરાતી કોમ્પ્રીહેન્સન | 30 |
| ૨. | સંબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો | ૧૨0 |
| | કુલ ગુણ | ૧૫0 |

નોંધ- અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલ શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.

(૧) Part-A માં કુલ ૬૦ પ્રશ્નો અને Part-B માં કુલ ૧૫૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પુછવામાં આવશે.

Part-A અને Part- B બન્ને માટે સંયુકત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ) નો સમય મળવાપાત્ર થશે.

(૨) Part-A તથા Part-Bનું સ્વતંત્ર(અલાયદું) Qualifying Standard રહેશે. તથા બંને પાર્ટમાં આ ધોરણ મેળવતા ઉમેદવારોની Part-A અને Part-B માં મેળવેલા કુલ ગુણના આધારે મેરીટ યાદી તૈયાર કરવાની રહેશે.

(૩) ઉમેદવારોએ Part-A અને Part-B માં મેળવેલ કુલ ગુણના આધારે કુલ જગ્યાના આશરે બે ગણા ઉમેદવારો અરજી ચકાસણી (Document Verification) ને પાત્ર થશે.

(૪) Part-A તથા Part-B ના કુલ ૨૧૦ ગુણમાંથી ઉમેદવારે મેળવેલ ગુણના આધારે આખરી પસંદગી યાદી અને પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

(૫) જે-તે સંવર્ગની જગ્યાઓ ભરવા માટે જાહેરાતમાં જે સંખ્યા દર્શાવવામાં આવેલ હોય તે સંખ્યાને ધ્યાનમાં લઇને સરકારશ્રીની વખતોવખતની સૂચનાઓને અનુરૂપ મેરીટનું ધોરણ મંડળ નિયત કરી શકશે.

(૬) M.C.Q. પદ્ધતિમાં ખોટા જવાબ આપનાર અથવા પ્રશ્નનો જવાબ ન આપેલ હોય તો તેવા સંજોગોમા ૦.૨૫ માર્ક્સ ઓછા કરવાના રહેશે એટલે કે નેગેટીવ માર્કીંગ પદ્ધતિ અપનાવવાની રહેશે. **"જવાબ આપવા માંગતા નથી" નો પાંચમો વિકલ્પ રાખવાનો રહેશે.પરંતુ જે ઉમેદવારે આ વિકલ્પ પસંદ કરેલ હોય તે સંજોગોમાં નેગેટીવ માર્કીંગ ગણવાનું રહેશે નહીં. એટલે કે ૦.૨૫ માર્ક્સ ઓછા કરવાના** રહેશે નહીં.

(૭) પ્રતિક્ષાયાદી તૈયાર કરવા બાબતે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો લાગુ પડશે.

(૮) જગ્યા ભરવા માટે જે સંખ્યાની જાહેરાત આપવામાં આવેલ હોય તે સંખ્યાને ધ્યાને લઈને તેમાં દર્શાવેલ અનામત અને બિન અનામત દરેક કેટેગરી માટે જાહેરાતમાં દર્શાવેલ સંખ્યાના આધારે પ્રતિક્ષાયાદી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર તૈયાર કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.કે.ઠાકર)

સરકારના સંયુક્ત સચિવ

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનુ કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.

સર્વે માન. મંત્રીશ્રીઓ/માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.

ગુજરાત વિધાનસભાના માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.

મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

•સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

•સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.

*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.

*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ /રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.

નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર

સચિવાલયના સર્વે વિભાગો. (સર્વે ખાતાના વડાઓ/ખાતાના નિયંત્રણ હેઠળની સર્વે કચેરીઓના તાત્કાલિક ધ્યાને લાવવા અંગે લેખિત સુચનાઓ પરિપત્રિત કરવાની સૂચના સહ).

સા.વ.વિભાગની સર્વે શાખાઓ / સર્વે અધિકારીશ્રીઓ.

સિલેક્ટ ફાઇલ.

વિભાગના સિસ્ટમ મેનેજરશ્રી તરફ વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં.

* પત્ર દ્વારા

# PART –A

PART – A માટે અભ્યાસક્રમ નું વિષયવસ્તુ ધોરણ ૧૨ (H.S.C)ની સમકક્ષ રાખવામાં આવેલ છે

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | તાર્કિક કસોટીઓ તથા interpretation | ૩૦ |
| ૨ | ગાણિતિક કસોટીઓ | ૩૦ |
| કુલ | | ૬૦ |

PART – B માં ક્રમ નંબર -૧ માટે અભ્યાસક્રમ ધોરણ ૧૨ (H.S.C)ની સમકક્ષ રાખવામાં આવેલ છે અને ક્રમ નંબર -૨ માટે અભ્યાસક્રમ  રસાયણશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્ર વિષયમાં સ્નાતક સમકક્ષ રાખવામાં આવેલ છે.

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | બંધારણ,વર્તમાન પ્રવાહો, કોમ્પ્યુટરને લાગતું સામાન્ય જ્ઞાન, ગુજરાતી અને અંગ્રેજી વ્યાકરણ | ૩૦ |
| ૨ | સંબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો | ૧૨૦ |
| કુલ | | ૧૫૦ |

# DETAILED SYLLABUS OF EXAM

## PART –A (60 MARKS)

**(1) Reasoning & Data interpretation (30 Questions, 30 Marks):**

1. Problems on Ages
2. Venn Diagram
3. Visual reasoning
4. Blood relation
5. Arithmetic reasoning
6. Data interpretation (charts,graphs,tables)
7. Data sufficiency

**(2) Quantitative Aptitude (30 Questions, 30 Marks):**

1. Number Systems
2. Simplification and Algebra
3. Arithmetic and Geometric Progression
4. Average
5. Percentage
6. Profit-Loss
7. Ration and Proportion
8. Partnership
9. Time and Work
10. Time, Speed and Distance
11. Work, Wages and chain rule

## PART – B (150 MARKS)

### (1) Constitution of India (10 Questions, 10 Marks)

1. Preamble of the Constitution
2. Fundamental Rights
3. Directive principles of state policy
4. Fundamental Duty
5. Power, role and responsibility of President, vice president and governor
6. Parliamentary system
7. Amendment of Indian constitution, emergency provisions in Indian constitution
8. Centre – State Government and their relation
9. Judicial System of Indian Constitution
10. Constitutional body

### (2) Current Affairs (10 Questions, 10 Marks)

1. Current events of state, national and international importance

### (3) Comprehension (Gujarati {5 marks} & English {5 marks}) (10 Questions, 10 Marks)

1. To assess comprehension, interpretation and inference skills A paragraph given with set of question on the basis of paragraph A paragraph given with set of question on the basis of paragraph Or statement and assertion type question can be asked

### (4) Questions and Its Applications related to Technical Qualification B.Sc. Chemistry and Physics Equivalent (120 Questions, 120 Marks)

<u>ખાસ નોધ:</u>

(૧) PART – A માં તમામ પ્રશ્નો ગુજરાતીમાં રહેશે.

(૨) PART – B માં અંગ્રેજી કોમ્પ્રિહેન્શનના પ્રશ્નો અંગ્રેજીમાં અને શૈક્ષણિક લાયકાતને સંબધિત વિષય અને તેની ઉપોયીગીતાને લગતા પ્રશ્નો ગુજરાતી અને અંગ્રેજી એમ બે ભાષામાં રહેશે.